રાજ્ય સરકારની "ઝૂંપડા વિજળીકરણ યોજના"તથા "કુટિર જ્યોતિ યોજના"ની પાત્રતા માટે લાભાર્થીની આવકની મર્યાદા વધારવા બાબત...

ગુજરાત સરકાર
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ નંબર: આર.ઈ.એસ. -૧૦૯૪-૪૪૦૩-ક-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૮-૬-૨૦૧૨.

વંચાણે લીધા:

(૧) ઉ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ-૧૦૯૪-૪૪૦૩-ક-૧ તારીખ: ૧૬-૦૨-૧૯૯૬
(૨) ઉ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ-૧૦૯૪-૪૪૦૩-ક-૧ તારીખ: ૧૬-૦૬-૧૯૯૯
(૩) ઉ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ-૧૦૯૪-૪૪૦૩-ક-૧ તારીખ: ૦૧-૦૧-૨૦૦૦
(૪) ઉ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ-૧૦૯૪-૪૪૦૩-ક-૧ તારીખ: ૦૨-૦૭-૨૦૦૮.
(૫) ઉ અને પે વિભાગનો પત્ર ક્રમાંક: ટીએસપી-૧૦૦૧-૧૪૯૭- ક-૧ તારીખ: ૨૩-૦૮-૨૦૦૧ તથા તારીખ:૦૨-૦૭-૨૦૦૮
(૬) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો પત્ર તારીખ ૨૭-૦૨-૨૦૧૨.

**પ્રસ્તાવના::**

રાજ્યના શહેરો તેમ જ ગ્રામ્ય વિસ્તારોમાં ઝૂંપડામાં રહેતા ગરીબ કુટુંબોને વીજળીની સગવડ મળે તે માટે હયાત વીજ લાઇનમાંથી નિઃશુલ્ક એક પોઈન્ટ વીજ જોડાણ આપવાની **"ઝૂંપડા વીજળીકરણ યોજના"** અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજનાની મુખ્ય જોગવાઈઓ મુજબ ઉકત વંચાણે લીધેલ ક્રમાંક: (૪)ના ઠરાવથી લાભાર્થીને વીજ જોડાણ આપવા માટે ભારે દબાણની વીજ રેષા ટ્રાન્સફોર્મર સેન્ટર હળવા દબાણની વીજ રેષા લાઇન ઉભી કરીને સીંગલ પોઇન્ટ વાયરીંગ સાથે જોડાણ આપવામાં આવે છે.આ યોજનાની જોગવાઈ મુજબ રાજ્યના કોઈપણ વિસ્તારમાં આવેલ ગ્રામ વિકાસ વિભાગની વેબ સાઈટ ઉપરના કોમન લીસ્ટ ઉપર ઉપલબ્ધ તમામ જાતિનાબી.પી.એલ લાભાર્થીઓ તથા તે ઉપરાંત ગરીબ કુટુંબો કે જેમની વાર્ષિક આવક રૂપિયા ૧૧,૦૦૦ કરતાં ઓછી હોય તેવા લાભાર્થીઓ તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહેતા બી.પી.એલ. કુટુંબોને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.

તે જ રીતે ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૫) અને (૬) હેઠળ **ના પત્રો અંતર્ગત** આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની **"કુટિર જ્યોતિ યોજના"** માં ગ્રામ વિકાસ વિભાગની બીપીએલ યાદીમાં સમાવિષ્ટ લભાર્થીઓ તથા તે ઉપરાંત આદિજાતિના અન્ય કુટુંબો કે જેમની વાર્ષિક આવક રૂપિયા ૧૧૦૦૦ કરતાં ઓછી હોય તેઓને પણ એક પોઈન્ટ વાયરીંગ સાથે વિના મૂલ્યે વીજ જોડાણ આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ તમામ યોજનાઓમાં દશ વર્ષ પૂર્વે આવકની મર્યાદાઓ નિયત કરવામાં આવેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં આવક-ખર્ચનું પ્રમાણ, નાણાકીય સ્તર, આર્થિક વ્યવહારો, મોંઘવારી તથા ફુગાવો વિગેરે જેવા તમામ પાસાઓમાં અસામાન્ય વધારો થયેલ છે.તેથી સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગે ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૬) હેઠળના તારીખ ૨૭-૦૨-૨૦૧૨ના પત્રથી જણાવ્યા અનુસાર, માન. મુખ્ય મંત્રીશ્રી સાથે ચર્ચા વિચારણા દરમિયાન લેવાયેલ નિર્ણય મુજબ અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, વિકસતી જાતિઓ અને સમાજ સુરક્ષાની વિવિધ યોજનાઓ હેઠળ ગ્રામીણ અને શહેરી લાભાર્થીઓની આવકની અલગ અલગ મર્યાદા છે, તેને બદલે વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા ગ્રામીણ વિસ્તાર માટે રૂપિયા ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૩૬,૦૦૦/- નિયત કરવા સૂચવ્યું છે. તદનુસાર, આ વિભાગની ગરીબો માટેની કલ્યાણકારી યોજનાઓમાં લાભાર્થીની પાત્રતા માટેની આવક મર્યાદા સુધારવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

આથી પુખ્ત વિચારણાને અંતે "ઝૂંપડા વીજળીકરણ" અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની "કુટિર જ્યોતિ" યોજના અંતર્ગત લાભાર્થીઓને આવરી લેવા ગ્રામ વિકાસ વિભાગની www.rural dev . gujarat. In વેબસાઈટ પરના કોમન લિસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓ અને તે ઉપરાંત અન્ય ગરીબ કુટુંબો કે **જેમની વાર્ષિક આવકની મર્યાદા રૂ.૧૧,૦૦૦/- ઉકત બંને યોજનાઓમાં નક્કી કરવામાં આવી છે, તે વધારીને ગ્રામીણ વિસ્તાર માટે રૂપિયા ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૩૬,૦૦૦/- આવક મર્યાદા ધરાવતા તમામ ગરીબ કુટુંબોને "ઝૂંપડા વીજળીકરણ" અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની "કુટિર જ્યોતિ યોજના" અંતર્ગત વીજળીકરણની સુવિધાથી આવરી લેવાનું આથી ઠરાવવામાં આવે છે.**

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના વિભાગના ઠરાવ નંબર : આરઈએસ-૧૦૯૪-૪૪૦૩-ક-૧ તારીખ: ૦૧-૦૧-૨૦૦૦ ની તથા આ વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના પત્ર ક્રમાંક: ટીએસપી-૧૦૦૧-૧૪૯૭- ક-૧ તારીખ: ૨૩-૦૮-૨૦૦૧ તથા તારીખ:૦૨-૦૭-૨૦૦૮માં દર્શાવેલ આવક મર્યાદા સિવાયની યોજનાઓના અમલીકરણની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ.એફ.ગાંધર્વ)
નાયબ સચિવ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ માન. રા. ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો